


## સલામી સવારની..

કૌટુંબિક કલેશમાં તૂટતી ડાળે, કાગડો બેઠો!
ઉંદરોનું ચૂંચૂં સાંભળી, દરમાં સાપ પેઠો!
આવી ગયો'તો મદ, પક્ષને સત્તામાં હું જ જેઠો!
કોઠા-કબાલાની હવે ખૂલશે ફાઈલનો - વેઠો!

હાઈકુ

મળે વેંચાતી!
સત્તા બજારે સસ્તી!
લ્યો! બહુમતિ...
(ગોવામાં સરકાર)

કર્યાં કૌભાંડ!
'શ્રદ્ધા'ના મૃતદેહે
તાણી ગ્યું પાપ!
(ઉત્તરાખંડ)

## ચિંતન

કર બરખા સબ કૃષિ સુખાનેં ।
સમય ચુકેં પુનિ કા પછિતાનેં ॥

ઉપરોક્ત શ્લોક બાલકાંડમાંથી લેવામાં આવેલ છે.

ખેતી સુકાયા પછી વર્ષા શા કામની? તેમ સમય ચૂક્યા પછી પસ્તાવું નકામું છે.

કોઈ પણ બાબતની વિચારણા-આયોજન અને તેનું અમલીકરણ યોગ્ય સમયે જ, એટલે કે આફત-સંકટ-મુશ્કેલી આવ્યા પહેલાં જ કરવું પડે. આગ લાગે ત્યારે કુવો ખોદવા બેસો તેનો શું અર્થ?

સરકારી 'એલર્ટ' અને કોઈ પણ બાબતનું અમલીકરણ લગભગ આવું જ હોય છે...

## સુવિચાર

- સાચા સુખનું કોઈ નિશ્ચિત સ્થાન નથી, તે સર્વત્ર છે અથવા જણાતું નથી, કયાંક તેને ખરીદી ન શકાય, તે છે અમૂલ્ય સદાય - **નવનીત**
- ગરીબજન ખાલી બારદાન જેવો હોય છે, ખાલી કોથળો ટટ્ટાર ઊભો રહી શકતો નથી - **ફ્રેન્કલીન**
- અંદરની સચ્ચાઈ જાણી જાય અને પોતાના રહસ્યોનો પત્તો મેળવી લે એ ખરો સ્વતંત્ર કહેવાય, ખાલી વાતો કરનારા તો સ્વતંત્રતાના ક્ષેત્રમાં આગંતુક જેવા છે - **વિલિયમ કૂપર**
- વર્તમાન એ શક્તિશાળી ઈશ્વર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આળસમાં ગુમાવેલી દરેક ક્ષણ ભવિષ્યમાં આવનાર દુર્ભાગ્યના દરવાજા ખોલી આપે છે - **નેપોલિયન**
- સૌથી મોટી મૂર્ખતા કોઈ અનિશ્ચિત લાભની પાછળ તંદુરસ્તીની બરબાદી કરવી તે છે - **ફુલછાબ**
- આજનું ઔષધ : કળથીની રાબ બનાવી તેમાં ગોળ નાખીને પીવાથી શીળસમાં રાહત રહે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

આપણે હૃદય-શુદ્ધ આત્મા જ પ્રભુનું ઘરે છે પ્રેમથી બોલાવીએ તો જરૂર ત્યાં પ્રભુનો વાસ થાય જ છે.

એક સાચા સંત હતા. કોઈ સાથે બહુ વાત ન કરે, મસ્તીમાં રહે, આમ બજારમાંથી ચાલ્યા જતા હોય અને થોડીક વારે બુમ પાડે, "ઓ પ્રભુ!! પધારો પધારો!" વારેવારે બુમ સાંભળી એક મશ્કરીખોર વેપારી એ સંતને બુમ પાડીને બોલાવ્યા અને મશ્કરી કરતો હોય પુછ્યું, 'તમે કેમ, પ્રભુને પોકારીને બોલાવાય?' વેપારીએ કહ્યું, 'બોલાવાય, જરૂર બોલાવાય,' સંતે કહ્યું, 'તમે કેમ આવું પુછો છો?' વેપારીએ કહ્યું, પ્રભુ તમારી વાત સાંભળે છે ખરાં?' સંત કહ્યુ 'હા, ભાઈ, સાચા હૃદયથી પોકારી તો જરૂર સાંભળે જ' વેપારીએ પુછ્યું, 'પ્રભુનું ઘર છે ખરું?' અને જો હોય તો મને તો દેખાતું નથી. સંતે કહ્યું, 'હા, પ્રભુનું ઘર જરુર છે, એ આપણું દિલ એ જ પ્રભુનું ઘર છે.' વેપારીએ કહ્યું, 'જો પ્રભુ આપણા દિલમાં જ રહેતો હોય તો પ્રભુના નામની બૂમો કેમ પાડો છો? પ્રભુ દૂર હોય તો બૂમ પાડીન બોલાવાય.' સંતે કહ્યું, 'જુઓ ભાઈ, આપણા દિલમાં બે જણનું ઘર છે. એક પ્રભુનું અને બીજું અભિમાનનું, જયારે મનમાં અભિમાન આવે છેત્યારે પ્રભુ દિલમાંથી દૂર ચાલ્યા જાય છે. અને જયારે અભિમાન ચાલ્યું જાય ત્યારે પ્રભુ દિલમાં આવીને વસે છે. હું એટલા માટે બૂમ પાડું છું કે અભિમાન ચાલ્યુ જાય તો પ્રભુ આવીને રહે' જયાં અભિમાન હોય ત્યાં પ્રભુ ન હોય. અભિમાનથી લોભ આવે છે. લોભ એ જ પાપનું મૂળ છે. પેલા વેપારીએ સંતની માફી માંગી ચરણવંદન કર્યા.

# હવે, ગુજરાત ચર્ચામાં આવશે

**તંત્રીસ્થાનેથી...**

ઉત્તરપ્રદેશ સહિતનાં ચાર રાજયોમાં દિગ્વિજય મેળવ્યા પછી સ્વાભાવિક રીતે જ ભારતીય જનતા પાર્ટીના નેતાઓ રંગમાં આવી ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમના અધિકૃત નિવાસસ્થાનથી નીકળી ૧૧ અશોક રોડ ખાતે આવેલ ભાજપ કાર્યાલય જતાં સારી એવી મજલ પગપાળા કાપે અને વળી પાછા ૨૦૧૯ને બદલે ૨૦૨૨ સુધીમાં દેશના વંચિતો-શોષિતોને તમામ પ્રકારની સુખ સગવડો ઉપલબ્ધ કરાવવાનો નિરધાર વ્યક્ત કરે તે બાબત એમના અપ્રતિમ ઉત્સાહની જ પ્રતીતિ કરાવે છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે સમગ્ર વિજયનો સંપૂર્ણ જશ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફાળવીને એમની વિનમ્રતા અને મોદી નિષ્ઠાની પ્રતીતિ કરાવી છે. હારેલા મહારથીઓ પાસે એમની હાર સ્વીકારવા સિવાય બીજો વિકલ્પ જ રહ્યો નથી. રાહુલ ગાંધીએ નહેરુવંશની ખાનદાની દાખવી વિજેતા વડાપ્રધાનને અભિનંદન પાઠવી સારી પ્રણાલી પાડી છે પરંતુ અખિલેશ યાદવ અને માયાવતી જેવા પ્રાદેશિક નેતાઓમાં એટલી ઉદારતા કે નિખાલસતા નથી. ઈવીએમ મારફત કોઈ પણ બટન દબાવવા છતાં એ ભાજપના ખાતામાં જ જમા થઆય એવી ગરબડના આક્ષેપો માયાવતીએ કર્યા છે અને એમણે માગેલી તપાસને અખિલેશનું સમર્થન પણ સાંપડ્યું છે. આ બે નેતાઓ ચૂંટણી પૂર્વે મોદી વાવાઝોડાનો સામનો કરવા ભેગા મળી શક્યા હોત તો કદાચ આજે મળેલ પરિણામોના આંકડા જુદા હોત. માયાવતીએ સો જેટલા મુસ્લિમ ઉમેદવારોને ઊભા કરી દઈ અખિલેશની વોટબેન્કમાં જ ગાબડું પાડ્યું હતું. હવે બેુ પસ્તાતાં હશે. બિહારમાં લાલુ યાદવ અને નીતીશકુમાર વચ્ચે બાપે માર્યા વેર ક્યાં નહોતાં ? પરંતુ બેઉ શાણા પ્રાદેશિક નેતાઓએ ચૂપચાપ સુમેળ કરી લઈ મોદી સામે ટક્કર લીધી ત્યારે ઈવીએમની ગરબડ વિશે ફરિયાદ કરવાની નોબત નહોતી આવી ! ગુજરાતની ચૂંટણીઓ માથે છે ત્યારે ઉત્તરપ્રદેશનાં પ્રોત્સાહક પરિણામો ભાજપની કથળતી જતી પરિસ્થિતિ સંભાળી લેશે, એવી અપેક્ષા અસ્થાને નથી. ઉત્તરપ્રદેશમાં મુખ્યમંત્રી તરીકે કોઈ એક નામ આગળ કરવાને બદલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈજ્જત અને પ્રતિષ્ઠાના નામે જ જંગ જીતી શકાયો હોય તો ગુજરાત તો મોદી-શાહ બેઉની હોમપીચ છે. પડદા પાછળના મુખ્યમંત્રી તરીકે અમિત શાહને પ્રોજેક્ટ કરાય એવી શક્યતા પણ નકારી શકાય નહીં, ગુજરાત ભાજપની વર્તમાન નેતાગીરી માટે આ બેઉ રાષ્ટ્રીય નેતાઓનો પડ્યો બોલ ઝીલાય સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી બચ્યો.જયારે સામા પક્ષે વર્ષોથી સત્તાવંચિત કોંગ્રેસમાં મુખ્યમંત્રીપદ માટેની સ્પર્ધા ચાલુ થઈ ગઈ છે. શું આ પરિસ્થિતિ ગુજરાતને વધુ એક વાર 'કેસરિયાં' કરવા માટે મજબૂર કરે એવી નથી ? હિંદુત્વના મુદ્દે ગૌવધ માટે કડક કાયદો બનાવવાની હિમાયત પણ સૂચક છે. વળી વહેલી ચૂંટણી યોજાશે તો અયોધ્યામાં રામમંદિર અંગેની રાષ્ટ્રીયનીતિ પણ ધ્રુવીકરણના જ દરવાજા ખોલી નાખશે.

# પોસ્ટમેન પ્રેમ, વિરહ, સુખ, દુ:ખ, શોક, મૃત્યુ જેવા અનેક પ્રકારના સમાચાર લાવે છે




આજ હું પોસ્ટમેનોની ચર્ચા કરવા માગું છું. કારણ સ્પષ્ટ છે. પોસ્ટમેન વગર લેખકનું જીવન અધુરું છે. ખરું પુછો તો પોસ્ટમેન જ લેખકનો સાચો મિત્ર હોય છે. લેખને તંત્રી સુધી પહોંચાડવાનું અને ચેક અથવા મનીઓર્ડર ને લેખક સુધી પહોંચાડવાનું મહત્ત્વપૂર્ણ કડીરૂપ કામ તો પોસ્ટમેન કરે છે. આજ ઈ-મેઈલ અને કુરિયરના જમાનામાં પણ પોસ્ટમેનનું મહત્ત્વ ઓછું થવું નથી. મારા જીવન દરમિયાન મને જાતજાતના પોસ્ટમેનો મળ્યા છે. અમુક પોસ્ટમેનો ખુબ જ ઈમાનદાર, કર્તવ્યપરાયણ અને અમુક બિલકુલ વિપરીત, અમુક સીધા, સરળ, સજ્જન અને અમુક વિપરીત, અમુક એટલા સમયસર આવે કે તેમને જોઈને ઘડીયાળનો સમય મેળવવાની ઈચ્છા થાય અને અમુક વિપરીત પોસ્ટમેનોની ચર્ચા કરતા કરતા તેમના વિચારો પર ચર્ચા કરવા માગુ છું. એક પોસ્ટમેન યાદ આવે છે. જે આખા ગામમાં એકલો ટપાલ વેહેંચતો, ટપાલને શહેરની મુખ્ય પોસ્ટ ઑફિસથી લાવતો અને લઈ જતો. છતાં તેને વેતન ખુબ જ ઓછું મળતું. પરંતુ કર્તવ્ય પરાયણ એટલો કે ન પુછો વાત. એક પોસ્ટમેન રાજેશ ખન્નાની જેમ આવતો. એક હીરોની જેમ. પ્રાચીન સમયમાં ટપાલ કબુતર કે હલકારો કે હાસદ ખેપિયો લાવતો. હવે તો ટપાલ લાવવા લઈ જવા નવાં નવાં ઉપકરણો થઈ ગયા છે. પણ જે મજા પોસ્ટમેનના આવવાથી મળે છે તે બીજામાં નથી.

ગાંધીનગરના એક પોસ્ટમેનની વાત કરવી પડે એમ છે. મારી કોઈ રચના છપાતાં સામયિક ખોલીને પોતે વાંચે, પછી સમીક્ષાત્મક ટિપ્પણી કરે પછી સામાયિક મને વાંચવા આપે. એક અન્ય પોસ્ટમેન તો વળી બધાંની ટપાલો વહેંચ્યા પછી મારે ત્યાં આવે. આજની રાજનૈતિક પરિસ્થિતિ અંગે ચર્ચા કરે અને ચ્હા પી ને જાય. એક પોસ્ટમેન તો એવો કે દૂરથી બુમ પાડે, ઘરનાં કોઈ વ્યક્તિ બહાર નીકળી રાહ જોઈ ઊભું હોય છતાં તે ટપાલો ફેંકીને જતો રહે.

તમે પેલો કિસ્સો તો સાંભળ્યો જ હશે. એક વિદેશ ગયેલ પતિ તેની પત્નીને રોજ એક પત્ર લખતો. પરિણામે બન્યું એવું કે વિરહીણી એ પોસ્ટમેન સાથે લગ્ન કરી લીધાં. પણ જવા દો એ વાત. પોસ્ટમેનની ચર્ચાને જ આગળ વધારીએ. પોસ્ટમેન આજના સંસાર યુગનો આત્મા છે. વિચાર કરો સરેરાશ એક પોસ્ટમેન દિવસભરમાં કેટલું ચાલતો હશે. શિયાળાની કડકડતી ઠંડી હોય, ઉનાળાનો ધોમધખતો તાપ હોય કે ધોધમાર વરસાદ વરસતો હોય તેમાં બિમારીની પરવા કર્યા વિના સંદેશાની આપલેમાં સતત વ્યસ્ત રહેતો હોય છે. પરંતુ આજના ભૌતિકવાદી યુગમાં બીજા ઘણાં સાધનો થઈ ગયા છે અને કુરિયરની દુકાનો ય ખુલી ગઈ છે.

કલ્પના કરો કે પોસ્ટ વિભાગ સ્વતંત્રતા પછી શરૂ થયો હોત તો તમારે ટપાલ લખવા માટે પહેલા અરજી આપવી પડત. પછી ટીકીટ અને કવર માટે બેંકમાં ચલણથી પૈસા જમા કરવા પડત. ત્યારે તે મળે. તમે ટપાલ લખીને પાછા સરકારી ઑફિસમાં જમા કરાવો પછી અમુક દિવસમાં જવાબ મળે. જે તમારે સરકારી ઑફિસે જઈને મેળવવો પડે. પણ એવી કંઈ મુશ્કેલી આપણને નથી. કારણ કે અંગ્રેજો આ વ્યવસ્થા ગોઠવી ગયા છે. પોસ્ટમેન આપણા ઘેર ટપાલ આપી જાય છે. પોસ્ટમેનોના પ્રકારમાં એક વિશિષ્ટ પ્રકાર પણ છે. જે ટપાલને એક જ ઠેકાણે ઢગલો કરી જાય છે. આવા પોસ્ટમેનોને કારણે ઘણી વખત મુશ્કેલીઓ સર્જાય છે. તે અટકવું જોઈએ. પોસ્ટમેન પ્રેમ, વિરહ, સુખ, દુ:ખ, શોક, મૃત્યુ જેવા અનેક પ્રકારના સમાચાર લાવે છે. સૌને સમભાવે જુએ છે. થોડાં વર્ષો પૂર્વે દિવાળી કે હોળીના પ્રસંગે પોસ્ટમેનને બોણી આપવાનો રીવાજ હતો. અથવા એમ કહો કે તે આપવી જ પડતી. જો ન આપો તો ટપાલ ગુમ થાય તેની જવાબદારી તમારી રહે.

તમે ઘણીવાર અખબારોમાં ટપાલો મોડી મળ્યા અંગેના સમાચાર તો વાંચ્યા જ હશે. પણ તેને ઉપરની વાત સાથે સાંકળી પોસ્ટમેનને જવાબદાર ગણીએ તો તે ખોટું કહેવાય.

પેલું ફિલ્મી ગીત છે ને કે ચિઠ્ઠીયાં હો તો હર કોઈ બાંચે ભાગ ન વાંચે કોઈ' એ તર્જ પર પોસ્ટમેનનું ભાગ્ય વાંચવાની જરૂર છે.

પત્ર એક અત્યંત મહત્ત્વપૂર્ણ ચીજ છે. તે મોકલનાર કે પ્રાપ્ત કરનારનું કંઈ બગડતું નથી. ફાટવું તો કવરને પડે છે અને પોસ્ટમેન્ને જ લઈને ફરવું પડે છે. તેથી પત્રને ગંતવ્ય સુધી પહોંચાડવામાં પોસ્ટમેન નો ફાળો દિવસની ઉજાસ જેટલો ચોખ્ખો છે.

મારી પોસ્ટમેનોની ચર્ચા દરમિયાન હું એક ખાસ ટપાલીનો ઉલ્લેખ કરવા માગું છું. તે ભાઈ કુરિયર તરફથી આવતા. ફટાફટ સંસ્કૃતિના વાહક એટલે ઝડપથી કામ પુરું કરે. પોતાની કંપનીની જાહેરાતના જાણે કે એ બ્રાન્ડ એમ્બેસેડર છે. કંપનીનું કાર્ડ અને મારું પેકેડ ફેંકે અને ઝડપથી રફુચક્કર થઈ જાય છે. એક અન્ય પોસ્ટમેન મોપેડ પર આવે છે. લાગે એમ છે પાંખાળા ઘોડા પર આવતા ન હોય!

**અનુસંધાન પાના નં. ૭ પર**

# આર્ટિફિશિયલ ઈમોશન્સ એટલે પ્રેમ નહીં




જાણીતી બ્રિટિશ એક્ટ્રેસ અને મોડલ એલિઝાબેથ હર્લી આમ તો લિઝ હર્લી (જન્મ તા.૧૦જૂન, ૧૯૬૫) નામે વધુ જાણીતી છે. તેણે કહ્યું છે કે "પ્રેમ કોઈ દિવ્ય ચમત્કારથી કમ નથી. આ સમગ્ર અનુભૂતિ જ ઈશ્વરની દેન છે. ગોડ ગિફ્ટેડ ફિલિંગ્સ"

પ્રેમ એટલે શું? પ્રેમ એટલે મેકઅપ વિનાની સુંદરતા. કોઈ વ્યક્તિ તરફથી મળતો બિનશરતીય પ્રેમ-સ્નેહ-સ્વીકાર. જ્યાં સ્વાર્થ હોય, કોઈ પ્રકારની શરત હોય ત્યાં પ્રેમ ટકી જ ન શકે. જ્યાં માગણી હોય ત્યાં લાગણી રહી ન શકે. કોઈ વ્યક્તિત્વને માત્ર નહીં, પરંતુ સમગ્ર અસ્તિત્વને ચાહવાનું નામ એટલે પ્રેમ. એક નેત્રહીન યુવતીની ખુબ જાણીતી અને હૃદયસ્પર્શી વાત છે. એક છોકરી જન્મજાત દૃષ્ટિવિહીન હતી. એને દુનિયા વિશે બધું સાંભળવા મળતું. દુનિયાના લોકો વિશે એ બધું સાંભળતી અને યુવાવસ્થામાં પ્રવેશી. તેનામાં પણ પ્રેમના અંકુર ફૂટ્યા. તેને પણ એવી ફિલિંગ્સ થતી કે કોઈક તેને ચાહે, તેને બિનશરતીય પ્રેમ મળે. પરંતુ દુનિયાની તાસીર પ્રમાણે નેત્રહીન યુવતીને કોણ પ્રેમ કરે?

> જ્યાં સ્વાર્થ હોય, કોઈ પ્રકારની શરત હોય ત્યાં પ્રેમ ટકી જ ન શકે, જ્યાં માગણી હોય ત્યાં લાગણી રહી ન શકે, કોઈ વ્યક્તિત્વને માત્ર નહીં, પરંતુ સમગ્ર અસ્તિત્વને ચાહવાનું નામ એટલે પ્રેમ

એક દિવસ આ યુવતીના જીવનમાં જાણે સોનાનો સુરજ ઊગ્યો. તેને એ દિવસે એક પડોશી યુવકે પ્રેમનો એકરાર કર્યો. પડોશી યુવક તો વર્ષોથી એને જોતો આવ્યો હતો અને એને ચાહતો આવ્યો હતો. આખરે એ ઘડી આવી પહોંચી કે જ્યારે યુવકે પ્રેમનો એકરાર કર્યો. યુવતીએ પ્રેમના સ્વીકાર સાથે આભારની લાગણીથી કહ્યું કે "તમે મને ખરા દિલથી ચાહો છો એ મારું સૌભાગ્ય પરંતુ હું કેવી કમનસીબ છું કે હું તમને, મારા પ્રેમને જોઈ પણ શકતી નથી." યુવાને પોતાનો ફોટો તેના હાથમાં આપતા કહ્યું કે "કશો વાંધો નહીં. લે, આ મારો ફોટો. તને જ્યારે દૃષ્ટિ મળે ત્યારે તું મને જોઈ શકીશ, ત્યાં સુધી મારો આ ફોટો તું સાચવી રાખજે."

થોડા વખત પછી એ યુવતીને નેત્રદાન મળવાની તક ઉભી થઈ. તેને કહેવામાં આવ્યું કે તેને આંખોનું દાન મળી રહ્યું છે. આથી નાનકડા ઓપરેશન બાદ તે દુનિયાને જોઈ શકશે. આખરે તે યુવતીની આંખોનું ઓપરેશન કરવામાં આવ્યું. નેત્ર મૂકવામાં આવ્યા. હવે તે દુનિયા જોઈ શકવાની હતી. ઓપરેશન પછી તરત તે યુવતીએ સૌપ્રથમ પોતાના પ્રેમીનો ફોટો જોવાની ઈચ્છા પૂરી કરી.

તેણે પર્સમાંથી ફોટો કાઢીને જોયો તો તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. જે યુવક તેને ચાહતો હતો એ યુવક તો દેખાવે કદરુપો હતો. તેનો ફોટો જોતાં લાગ્યું કે તેનામાં કોઈ જ આકર્ષણ નથી. હવે તેણે હોસ્પિટલ સ્ટાફ પાસે દર્પણ મગાવીને પોતાનો ચહેરો જોયો. પોતે તો સંપૂર્ણ સુંદર સ્ત્રી હતી.

પોતાના ચહેરાને તેણે ફરી એક વાર દર્પણમાં જોયો કે પોતે તો કેટલી સુંદર છે અને હવે તો આંખો પણ આવી ગઈ છે, દૃષ્ટિ પણ મળી ગઈ છે. હવે તો પોતાનામાં કોઈ જ ખોડખાંપણ રહી જ નથી. એવામાં હોસ્પિટલના તબીબે યુવતીને કહ્યું કે તે જે યુવાનનો ફોટો ધારી ધારીને વારંવાર જોઈ રહી છે એ યુવકે જ પોતાની આંખોનું દાન કરીને તેને દૃષ્ટિ અપાવી છે.

હવે આ યુવતીએ પેલા યુવકને પત્ર લખ્યો કે "તમે મને ભલે પ્રેમ કરતા હતા અને ભલે તમે મને તમારી આંખોનું દાન કર્યું. પરંતુ હવે હું જોઈ શકું છું અને તેથી જ તમારા જેવા કદરુપા યુવાનને હું પ્રેમ કરી શકું નહીં. મને હવે ભુલી જજો. તમારા નેત્રદાન બદલ હું હૃદયપૂર્વક આભાર માનું છું."

યુવક તો હવે નેત્રહીન બની ગયો હતો, તેથી પોતે તો પત્ર વાંચી શકે એમ નહોતો. પરંતુ તેણે પોતાના મિત્ર પાસે પત્ર વંચાવ્યો અને પત્રનો જવાબ લખાવ્યો કે "હું કદરુપો દેખાતો હોવાથી ભલે તું મને પ્રેમ ન કરે અને ભલે મારા પ્રેમનો અસ્વીકાર કરતી. પરંતુ મેં તો તું નેત્રહીન હતી તો પણ ચાહી છે અને ચાહતો રહીશ. બસ, તું મારી આંખોને સાચવજે. કેમ કે એ આંખો થકી અને તારા થકી હું દુનિયાને નિહાળતો રહીશ અને તારામાં સદાય, છેલ્લા શ્વાસ સુધી રહીશ." જિંદગીમાં આવું જ બનતું રહે છે. તમે જેને ચાહો છો એને મેળવી શકતા નથી અને જેને મેળવી શક્યા હો એને ચાહી શકતા નથી, આનું નામ જ જિંદગી. પ્રેમ એટલે શું? આપણી ભીતર લાગતું ઈમોશનનું ઈન્જેક્શન એટલે પ્રેમ. પ્રેમ એટલે દિલના દરિયાની જાણે એક્સચેન્જ ઓફર અને એમાં પણ અનલિમિટેડ ટોક-ટાઈમ.

પ્રેમ એટલે ખુલ્લી આંખોએ સપનાં જોવાની મોસમ. પ્રેમ એટલે ભલે ને તરતા આવડતું હોય તેમ છતા પણ ડૂબવાનું મન થાય એવું રોમાન્ટિક સાહસ. પ્રેમ એટલે શબ્દ અને સ્પર્શ વચ્ચેનું સામીપ્ય. પ્રેમ એટલે નફરતનો રોગ મિટાવી દેવાની ઈશ્વર નામના ડોક્ટરે આપેલી દવા. પ્રેમ એટલે નરી એકલતાનું જાણે એન્કાઉન્ટર. પ્રેમ એટલે ગમતી વ્યક્તિને મળવાનો વાયદો અને મળવાની લ્હાયમાં વગર મેકઅપે પણ સુંદર દેખાવાની ગેરંટી.

પ્રેમ એટલે હૃદય નામની રાજધાની ઉપર મુલાયમ કબજો. પ્રેમ એટલે દરેક સવાલનો જવાબ જુદો જુદો આવે એવો નાજુક દાખલો. પ્રેમ એટલે સતત, સવાર-સાંજ ને રાત-દિવસ ગાવું, ગણગણવું ને સાંભળવું ગમે એવું મધુર ગીત-સંગીત. પ્રેમ એટલે જેનો કોઈ જવાબ જ ન હોય એવો જિંદગીનો સાવ સહેલો અને સૌથી અઘરો સવાલ.

પ્રેમ એટલે કોઈ જાતના પાસપોર્ટ કે વિઝા વિના પ્રિયજનની આંખોમાં વસવાટ કરી લેવાનો અવસર. પ્રેમ એટલે નમણી પાંપણની સરહદ પાર દબાતા હૈયે કામણઘેલી આંખોના શહેરમાં પ્રવેશી જવાનો પરવાનો. પ્રેમ એટલે જાણે કે બધી જ ખબર હોય તો પણ કશી જ ખબર ન હોવાની અવસ્થા. પ્રેમ એટલે જ્યારે કોઈ ઘાવ થાય અને લોહીનો ટશિયો ફૂટે ત્યારે પ્રિયજનનો પાલવ. પ્રેમ એટલે ઘણું બધું અને પ્રેમ એટલે કંઈ પણ નહીં.

સ્ટોપરઃ

"તેરી યાદ મેં દિલ ઈસ કદર ખો જાતા હૈ,
જૈસે ગણિત કે કલાસ મેં કોઈ બચ્ચા સો જાતા હૈ।"

# બુરા ન માનો હોલી હૈ..!! ખવડાવો ખજૂર, બનો 'હોળી' નું નારિયેળ ને થાઓ ધૂળ 'ધાણી'..!!






આ છાપાવાળા હોળીમાં જ કેમ હાસ્ય વ્યંગ પૂર્તિ બહાર પાડે છે? એ પેલા દશેરાએ ફાફડા જલેબી જેવો પ્રશ્ન છે. જેમ રાવણે કે રામે ફાફડા જલેબી ખાધાંના કોઈ પુરાવા નથી એમ આ ધૂળેટીએ હાસ્ય પૂર્તિના...

અને હા, શીર્ષક પર ન જતાં બોસ્સ! "કુંગ ફુ યોગા"માં જેમ યોગા નથી એમ આપણા લેખમાં કોઈના છોતરાં ઉડવાના નથી. આ તો શું ભાઈ વસંતપંચમી અને વેલેન્ટાઈન્સ ડે ગયો એટલે હવે તમારે તો ધાણી દાળીયા જ ફાંકવા પડશે ને!? કુછ મિઠા હો જાયે કહી કહીને પેલી ચોકોલેટ્સ બહેનપણીઓને ખવડાવી એટલે તમે હવે ખજુર ચાવો. પાછો માર્ચ મહીનો છે એટલે 'હોળી' થાશે એ તો પાક્કું જ છે! આ આપણા તહેવાર આપણા વડવાઓએ દિર્ઘ દ્રષ્ટીથી રાખ્યાં હતાં. મને ખબર છે, તમે આ બધું વાંચી ગયા છો. પણ આપણે તો તમને એ બધું ચવાઈ ગયેલું પાછું ચાવવા નથી આપવું બોસ્સ!

તો શું છે કે પોષ મહીનામાં તમે ઘણા તહેવાર ઉજવ્યાં જેમ કે પોંગલ, બીહુ, લોહરી અને હા ભઈ! સંક્રાત ! આ સંક્રાંત પછી લગ્નગાળો. લગ્નમાં કોઈની જોડે તારામૈત્રક રચાયું હોય તો વેલેન્ટાઈન બાપાએ આખું અઠવાડીયું એમના નામે કરેલું. કોલેજીયનોને તો બારેમાસ દિવાળી એટલે કે વેલેન્ટાઈન્સ ડે હોય જ છે. અને પરણેલાને બારેમાસપ! (થોડામાં ઘણું)

પરણેલાઓ અને વાંઢાઓનો ખર્ચો ફાગણ પહેલાં ગજાબહાર નીકળી જ ગયો હોય. આ કહેવાનો મતલબ એવો કે વડવાઓને ખબર જ હતી કે ફાગણ સુધીમાં આનો ઘડો લાડવો થઈ જવાનો. જે પરણી ગયો છે તેનો, અને નથી પરણ્યો એનો પણ. ઘરવાળા એનું લોહી પી જશે તો દીકરો જીવશે કેમ? એટલે એ લોકોને દયા આવી ગઈ કે બીચારો હોળીનું નાળીયેર થઈ જાશે. એટલે ધાણી – દાળીયા મેનુંમાં ફીટ કરી નાખ્યાં.

> એન્નો માનું કોરું નહીં જાય કોઈ બાકી
> કે ખાખરાએ ડાળીઓની પીચકારી તાકી
> ને ઢોલ હાળા ધકામૂકી ધકામૂકી થાય...
> છોક્કરીને આંબો પાક્યાનો ભાર લાગે
> છોક્કરીને વાયરો ય અણીદાર લાગે
> છોક્કરીને રોણું ય વારવાર લાગે
> છોક્કરીને શમણાં લઈ જાય ક્યાંક હાંકી
> ને ગીત હાળાં ધકામૂકી ધકામૂકી થાય...
> – રમેશ પારેખ

પણ સાચું કહેજો હોં, હોળી સિવાય ધાણી – દાળીયાના ભાવ ક્યાં આપણે એટલો પુછીએ છીએ? આ કેમ્પફાયરના જમાના તો હમણાથીપ આપણે તો એક સાથે વર્ષોથી, બધાં એક જ દિવસે (એટલે મુહુર્ત કઢાવીને સાંજે! મને ખબર તમે ઈન્ટેલીજન્ટ છો!) કેમ્પફાયર કરે. મતલબ કે હોળી પ્રગટાવે. તેની પાછળના ધાર્મિક અને વૈજ્ઞાનિક કારણો તમે જાણો છો એટલે તે હું ફરી નથી જણાવતો.

હોળીની એક અલગ જ મજા છે. કેટલાંક તો સંક્રાત પતે એટલે "ગબ્બર" બની ગયા હોય. "હોલી કબ હૈ, હોલી કબ હૈ"ની માળા જપતાં હોય. અઠવાડીયા પહેલાથી છાણા, બાવળીયા લાકડાં ભેગા કરતાં હોય. પાછા આ લોકો ભવીષ્યના કોર્પોરેટર બનવાનાં ગુણ પણ ધરાવતાં હોય. બજેટ થોડું સરસ હોય તો ફુલ હાર અને રંગોળીની જોગવાઈ પણ થઈ જાય. હવે વાત 'ધુળ' ધાણીની. આ નેચરલ કલર અને એવું બધું હમણા હમણાંથી આવ્યું. પહેલાં તો બધાં ગાર માટીથીયે ધુળેટી રમતાં. રમી, થાકી 'ને બધા અવેડે, કુવે ,તળાવે જઈ નાહી ઘર ભેગા થતાં. આ એકદમ નેચરલ ધુળેટી હતી. પછી રંગો આવ્યા, થોડી આછકલાઈ ભળી અને વાતાવરણ પણ બગડ્યું. કેસુડાંના ફુલોને પાણીમાં પલાળીને જે ધુળેટી રમ્યાં હશે તેમને તો આજની ધુળેટી ફિક્કી લાગતી હશે.

આજે તો હવે ધુળેટીના પેકેજ છે. આર્થીક કમાણીને વર્ગીકૃત કરીએ તો. (૧) નિમ્ન વર્ગ – કોઈના બાપની પડી ન હોય અને સૌથી વધુ મજા મેળવે. હોળી ઠર્યા પછી રાખને પલાળીને ધબધબાટી બોલાવે. ધુળેટી રમતાં રમતાં તમને ફાગણના 'ફાગ' પણ સાંભળવા મળે. કેટલીક ટોળકીઓ તો ખાસ 'ફાગ' ગાવા માટે જ એકઠા થાય છે. (૨) નિમ્ન મધ્યમવર્ગ – છોકરાંઓને પાણીનું બજેટ આપેલું હોય એટલે પિચકારીથી નહીં રમવાનું. આ છોકરાંઓ પણ તૈયારઅલી! કોઈકની પિચકારી લઈ કોઈકના પાણીથી બીજાને ભીજવે. ઘરવાળાં ધાણી, દાળીયા, ખજુરને વિરહની વેદના આપી ડબ્બામાં ગોઠવી દે. સાંજનો નાસ્તો એ જ હોય. (૩) મધ્યમવર્ગ – કુટુંબ આખું આજે તકલીફોને 'ઈન્ડીકેટર' આપી દે. બધાં મોજમસ્તી કરે અને ક્યાંક સામુહીક ભોજન સમારંભ ગોઠવી નાખે. મહીલાઓ પોતાનો સંગઠનનો પરિચય અને પાકશાસ્ત્રની નિપુણતા બતાવે. (૪) ઉચ્ચમધ્યમ વર્ગ – ધુળેટીમાં આ લોકો "શુકન" કરે બોલો. એ દિવસે જ એમને પર્યાવરણની ચિંતા થાય. આગલા દિવસે પણ હોળીમાં ઉત્પન્ન થયેલ કાર્બન ડાયોક્સાઈડથી બળતાં હોય. પાછું "એલર્જી"ના ફેવરીટ કસ્ટમર્સ પણ આ જ. ટુંકમાં તમારું વાહન એમનાથી સો ફુટ દુર રાખવું. (૫) ઉચ્ચ વર્ગ – આ લોકોને ખોટી માથાકુટ જોઈએ જ નહી. એક રિસોર્ટ એમણે બુક કરાવી જ નાખ્યું હોય. હોળી – ધુળેટી બધું જ ત્યાં ઉજવાઈ જાય. પહેરેલ કપડે જાવાનું ને પહેરેલ કપડે આવવાનું.

આ લેખમાં કોઈની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો 'ખાસ' પ્રયાસ નથી કર્યો છતાં પણ તમને કશું અયોગ્ય લાગ્યું હોય તો દુ:ખ ના લગાડશો કારણકે આ તહેવાર જ એવો છે ભાઈ! હોળીનો તાપ મેળવશો તો આગળ આવનારો તાપ સહન કરી શકશો. ધુળેટીમાં બધાં જ રંગમાં રંગાતા શિખો. ડાર્વીન બાપાએ તો હમણાં હમણાં કહ્યું પણ આપણા તહેવારો તો તમને મોજ કરાવતાં કરાવતાં બધું શિખવાડે છે.

આ વખતે હોળી અને ધુળેટી પર મન જીતીને અમનની સ્થાપના કરજો. એટલે હોળીનું નાળીયેર પણ નહીં થાય અને તમે ધુળ ધાણી પણ નહીં થાવ. એન્જોય કરો .

● ● ●

ગોપાલ ખેતાણીના ઢોંસા અને પુડલાં, સેવ મમરા જેવાં હળવા લેખો અક્ષરનાદ સાઈટ પર હાસ્યની છોળો ઉડાળે છે. સુવર્ણચંદ્રક સાથે પ્રોડકશન એન્જિનિયર થયેલા રાજકોટના ગોપાલ ખેતાણી નોઈડા જોબ કરે છે અને હાસ્ય લેખક વિનોદ જોશીના પગલે ચાલતા હળવા અને હાસ્ય લેખ લખવાનું કામ હસતાં હસતાં કરે છે. આ લેખ ખાસ 'હેલ્લો ફ્રેન્ડસ' માટે મોકલ્યો છે.

ચૂંટલો : હોળી ધૂળેટી એ મોજ મસ્તી, છેડખાની અડપલાં સાથેનો રંગોનો તહેવાર છે. મજાક મશ્કરી સાથે હુલ્લડ જમાવવાની ઘેલછામાં કોઈ ગુલાલની જગ્યાએ ગાલ લાલ ન કરે એટલું જોવું. બાકી હોળીનું નારિયેળ થતાં અને ઈજ્જત ધૂળધાણી થતાં વાર નહીં લાગે!